NHS
Lancashire Teaching Hospitals
NHS Foundation Trust

martha's rule
detecting deterioration

# દર્દીઓ અને સંભાળ રાખનારાઓ માટે માહિતી

## 'Call 4 Concern'

શું તમને ચિંતા છે કે તમારી સ્થિતિ વધુ ખરાબ થઇ રહી છે?

પરિવાર, મિત્રો અને સંભાળ રાખનારાઓ શું તમને ચિંતા છે કે તમારા પ્રિયજનની તબિયત બગડી રહી છે.

## 'Call 4 Concern' શું છે?

'Call 4 Concern' (C4C) ('કોલ ફોર કન્સર્ન') એ દર્દી સલામતી પહેલ છે. અનુભવ આપણને કહે છે કે, હોસ્પિટલમાં દર્દીઓ માટે, તેઓ અથવા તેમના પરિવાના સભ્યો અથવા સંભાળ રાખનારાઓ, ઘણી વખત હોસ્પિટલ કર્મચારીઓ સમક્ષ, તેમની તબીયત બગડવાના પ્રારંભિક સૂક્ષ્મ સંકેતોને ઓળખે છે કારણ કે તેઓ વ્યક્તિના સામાન્ય સ્વાસ્થ્ય અને વર્તણૂંકો પ્રત્યે જાગૃતિ અનુભવે છે.

'Call 4 Concern' (C4C) દર્દીઓ અને તેમના સબંધીઓ જ્યારે દર્દીની સ્થિતિ વિશે ચિંતિત હોય અને તેમને લાગે કે વોર્ડ ટીમ મારફત તેમની ચિંતા સાંભળવામાં આવી રહી નથી, ત્યારે ક્રિટિકલ કેર આઉટરીચ ટીમ (CCOT) પાસેથી મદદ અથવા સલાહ માટે કોલ કરવાની સુવિધા આપે છે.

તે દર્દીઓ અને સંબંધીઓને બીજા અભિપ્રાયની વિનંતી કરવાની અને તબિયતમાં કોઇપણ બગાડ વિશે જાગૃતિ લાવવાની તક આપે છે.

**આ સેવાનો ઉપયોગ કરવાથી તમારી અથવા તમારી પ્રિયજનની સંભાળ પર નકારાત્મક અસર પડશે નહીં.**

## 'Call 4 Concern' કેવી રીતે કામ કરે છે અને તમે સેવા પાસેથી શું અપેક્ષા રાખી શકો છો?

ક્રિટિકલ કેર આઉટરીચ ટીમ (CCOT) એ નર્સોની એક ટીમ છે જે ખુબજ બીમાર અને તબિયત બગડતી હોય તેવા દર્દીઓના સંચાલનમાં અનુભવી છે. અમે તમારો ટેલિફોન કોલ તાત્કાલિક ઉપાડી શકતા નથી, મહેરબાની કરીને સંદેશો મૂકો અને શામેલ કરો:

- દર્દીનું નામ
- વોર્ડ
- સંપર્ક માટેનો નંબર

- તમારી ચિંતા વિશે ટુંકમાં માહિતી

**અમે શક્ય હોય તેટલી વહેલી તકે તમારો સંપર્ક કરવાનો પ્રયાસ કરીશું**

ક્રિટિકલ કેર આઉટરીચ ટીમ (CCOT) કોલની તાકીદને પ્રાથમિકતા આપશે અને ચિંતાની ચર્ચા કરવા અને જરૂર મુજબ મૂલ્યાંકન કરવા માટે વોર્ડમાં દર્દીની મુલાકાત લેશે.

આ ટીમ તમારી, તમારા પરિવાર અને વોર્ડ સ્ટાફ સાથે મળીને કામ કરશે જેથી ખાતરી કરી શકાય કે તમારી ચોક્કસ સ્વાસ્થ્ય ચિંતાને સંબોધવા માટે સૌથી યોગ્ય વ્યવસ્થાપન યોજના અને સારવારના વિકલ્પો ઉપલબ્ધ છે. અમે તમને તમારી સંભાળ સંબંધિત કોઇપણ ચર્ચાઓ વિશે માહિતગાર રાખીશું.

## 'Call 4 Concern' ક્યારે કરવું?

જો તમને ચિંતા હોય, તો પહેલાં વોર્ડના જવાબદાર ડોક્ટરો અને નર્સો સાથે આ અંગે ચર્ચા કરવી જોઇએ. જો આમ કર્યા પછી, તમને લાગે કે તમારી ચિંતાઓનું નિરાકરણ કરવામાં આવી રહ્યું નથી, તો તમે 'Call 4 Concern' કરી શકો છો.

- તમારી ક્લિનિકલ સ્થિતિ વીશે એક ચિંતિત દર્દી તરીકે
- એક દર્દી ક્લિનિકલ સ્થિતિ વીશે ચિંતિત સંબંધી તરીકે
- જો તને લાગે કે સંભાળ કેવી રીતે આપવામાં આવી રહી છે તે વિશે વિસંગતાઓ છે

## 'Call 4 Concern'નો ઉપયોગ ક્યારે ન કરવો

**'Call 4 Concern' નીચેના મુદ્દાઓમાં મદદ કરી શકતું નથી:**

પેશન્ટ્સ એટ હોમ

પાર્કિંગ

મુલાકાતના સમયો

હોસ્પિટલનો ખોરાક

હોસ્પિટલની સ્વચ્છતા

ફરિયાદો

અન્ય કોઇ સામાન્ય મુદ્દાઓ

**નીચેની ટીમો મદદ કરી શકે છે:**

વોર્ડના નર્સો અને ડોક્ટરો

વોર્ડ મેનેજરો

વોર્ડ મેટ્રન

પેશન્ટ એક્સપીરીયન્સ અને પાલ્સ

ચેપલન્સી ટીમ

## 'Call 4 Concern' કોલ ક્યારે કરવો

અમારો સીધો સંપર્ક કરો અથવા અમારા સમર્પિત ફોન પર કોલ કરો. જો તાત્કાલિક જવાબ ન આપીએ તો મહેરબાની કરીને સંદેશો મૂકો.

07704 021244

જો તમને ક્લિનિકલ સ્થિતિથી સંબધિત ન હોય તેવી ચિંતાઓ માટે વધુ સલાહની જરુરીયાત હોય તો મહેરબાની કરીને સંપર્ક કરો.

સ્વીચબોર્ડ – **01772 716565** અને યોગ્ય ડિપાર્ટમેન્ટ માટે વિનંતી કરો.

પેશન્ એક્સપીરીયન્સ અને પેશન્ટ એડવાઇઝ એન્ડ લિએઝોન સર્વિસ (Patient Experience and Patient Advice & Liaison Service - PALS) – **01772 522972 ય** ઇમેઇલ: PALS@lthtr.nhs.uk

સોમવાર થી શુક્રવાર: 9.00 - 16.00 (બેન્ક હોલિડે સિવાય)

# વધુ માહિતી સ્ત્રોત

www.lancsteachinghospitals.nhs.uk
www.nhs.uk
www.accessable.co.uk
www.patient.co.uk

**સોશિયલ મિડીયા ઉપર ફોલો કરો @lancshospitals**

**Lancashire Teaching Hospitals NHS Foundation Trust (લેન્કેશાયર ટિચીંગ હોસ્પિટલ્સ NHS ફાઉન્ડેશન ટ્રસ્ટ) બાહ્ય ઇન્ટરનેટ સાઇટસની સામગ્રી માટે જવાબદાર નથી.**

અમારી બધી દર્દી માહિતી પત્રિકાઓ દર્દીઓને એક્સેસ કરવા અને ડાઉનલોડ કરવા માટે અમારી વેબસાઇટ પર ઉપલબ્ધ છે:

www.lancsteachinghospitals.nhs.uk/patient-information-leaflets

Lancashire Teaching Hospitals (લેન્કેશાયર ટીચીંગ હોસ્પિટલ્સ) એક ધૂમ્રપાન-મુક્ત સાઇટ છે. અમારા કોઇપણ મકાનોમાં, અંદર કે બહાર, ક્યાંય પણ ધૂમ્રપાનની પરવાનગી નથી. જ્યારે તમે હોસ્પિટલમાં આવો છો ત્યારે અમારો સ્ટાફ તમને તમારી ધૂમ્રપાનની સ્થિતિ વિશે પછશે અને તમને થૂમ્રપાન બંધ કરવા વિશે સહાય અને સલાહ આપશે જેમાં તમારા ધૂમ્રપાનના લક્ષણોનું સંચાલન કરવામાં મદદ કરવા માટે નિકોટિન રિપ્લેસમેન્ટ થેરાપી અને નિષ્ણાત તમાકુ અને આલ્કોહોલ કેર ટીમના નર્સ અથવા સલાહકાર સાથે વાત કરવાની તકનો સમાવેશ થશે.

જો તમે ધૂમ્રપાન છોડવા માંગતા હો, તો તમે ફ્રી ફોન **08081962638** પર Smokefree Lancashire (સ્મોકફ્રી લેન્કેશાયરનો) પણ સંપર્ક કરી શકો છો.

**જો તમને આ માહિતી સમજવામાં મદદ જોઇતી હોય તો મહેરબાની કરીને સ્ટાફના સભ્યને પૂછો.**
**આ માહિતી મોટા અક્ષરો, ઓડિયો, બ્રેઇલ અને અન્ય ભાષાઓમાં ઉપલબ્ધ કરાવી શકાય છે.**

**ડિપાર્ટમેન્ટ:** Critical Care Outreach Team (ક્લિનિકલ કેર ટીમ)
**ડિવિઝન:** Diagnostic and Clinical Support (ડાયેગ્નોસ્ટીક એન્ડ ક્લિનિકલ સપોર્ટ)
**ઉત્પાદન તારીખ:** જાન્યુઆરી 2024
**સમીક્ષા તારીખ:** જાન્યુઆરી 2027
**JR 1093 v1**